ગુજરાતના ધાર્મિક સ્થાનેથી યાત્રા કાઢવાથી ચૂંટણી જીતી શકાય છે તેવી માન્યતા

યાત્રા દરમ્યાન મતદારો સુધી પહોંચવાનો સરળ રસ્તો ભાજપે ૧૯૯૦માં બતાવ્યો

રાષ્ટ્રીય નેતા અડવાણીએ ૧૯૯૦માં રામ રથયાત્રા સોમનાથથી કાઢી હતી

અંબાજીના હેલીપેડ ઉપર ઉતરવાની હિંમત કોઈ રાજકીય નેતામાં રહી નથી

(વિશેષ પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર, તા.૨૩

વિધાનસભાની ચૂંટણી પહેલાં ગુજરાતના મુખ્ય બે પક્ષો ભાજપ અને કોંગ્રેસ યાત્રાના આયોજનમાં વ્યસ્ત છે ત્યારે ૨૭મીથી કેશુભાઈ પટેલ પણ યાત્રા કાઢી રહ્યાં છે. ગુજરાત અને રાજકીય યાત્રાનો ઈતિહાસ ૩૨ વર્ષ પુરાણો છે, જેમાં હંમેશા ધાર્મિક સ્થાનકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

ગુજરાતમાં લોકસભા કે વિધાનસભાની ચૂંટણીઓ જીતવા માટે ભાજપે યાત્રાની શરૂઆત કરી છે. ૧૯૯૦માં ૨૫મી સપ્ટેમ્બરે ભાજપના રાષ્ટ્રીય નેતા લાલકૃષ્ણ અડવાણીએ રામમંદિર માટે ગુજરાતના સોમનાથ થી અયોધ્યા સુધીની રામ રથયાત્રા કાઢી હતી. આ યાત્રાના સંયોજકની જવાબદારી તે સમયના પ્રદેશ મહામંત્રી નરેન્દ્ર મોદીએ ઉપાડી લીધી હતી.

ઈસ્યુ બેઝ યાત્રાની સાથે ગુજરાતના રાજકારણમાં પવિત્ર સ્થાનેથી રાજકીય યાત્રા શરૂ કરવાની પરંપરા ભાજપના તે સમયના કદાવર નેતાઓ કેશુભાઈ અને શંકરસિંહ વાઘેલાએ કરી હતી. ૧૯૯૦માં આ બન્ને નેતાઓએ અંબાજીથી સૌ પ્રથમ યાત્રા કાઢી હતી જેને લોકશક્તિ રથયાત્રા એવું નામ આપવામાં આવ્યું હતું.

આ સમયે દક્ષિણ ભારતમાં એનટી રામારાવે રાજકારણમાં ઝંપલાવી તેલુગુ દેશમ નામની નવી પાર્ટી બનાવી હતી અને તેના પ્રચાર માટે રથયાત્રા શરૂ કરી હતી. ભાજપના નેતાઓએ તેમાંથી રથયાત્રાની પ્રેરણા લીધી હતી.

૨૦૦૨માં વિધાનસભાની ચૂંટણીના પ્રચાર માટે મોદીએ ગૌરવયાત્રા યોજી હતી. આ ચૂંટણીમાં ભાથીજી મહારાજનું પવિત્ર સ્થાનક ફાગવેલ મુખ્ય કેન્દ્ર બન્યું હતું. મોદીએ ફાગવેલથી ગૌરવયાત્રા શરૂ કરવાની જાહેરાત કરી ત્યારે કોંગ્રેસના તત્કાલિન પ્રદેશ પ્રમુખ શંકરસિંહ વાઘેલાએ પણ ફાગવેલમાં કાર્યક્રમની જાહેરાત કરી હતી. આ સ્થળે તંગદીલી વધી ગઈ હતી. એ સમયે વાઘેલાના કાર્યક્રમને અગ્રતા મળી હતી.

કોંગ્રેસે તાજેતરમાં સરદાર

● અનુસંધાન પાન-૭ પર

અડવાણી અને યાત્રા પર્યાય

ગુજરાતમાં રાજકીય રથયાત્રા કાઢવાની શરૂઆત ભાજપે કરી છે અને અત્યાર સુધીમાં ભાજપે ૧૨ જેટલી મોટી યાત્રાઓ કાઢી છે. ભાજપના પગલે કોંગ્રેસે પણ યાત્રાઓ કાઢી છે પરંતુ તેઓએ અત્યાર સુધીમાં માંડ ચાર થી પાંચ યાત્રાઓ કાઢી છે.

ભાજપના રાષ્ટ્રીય નેતા લાલકૃષ્ણ અડવાણીને તો યાત્રા કાઢવી હોય તો ગુજરાત હંમેશા યાદ આવે છે. તેઓ તેમની યાત્રાની શરૂઆત ગુજરાતના સોમનાથથી કરતા હોય છે. ૧૯૯૦માં રામ રથયાત્રા શરૂ કરનારા અડવાણીએ ૨૦૧૧માં જનચેતના યાત્રા પણ સોમનાથથી શરૂ કરી હતી.

ગુજરાતની ત્રણ મુખ્ય પાર્ટીઓ રાજકીય યાત્રાઓમાં ગળાડૂબ

પર્યુષણ પર્વ દરમ્યાન પાવન તપ કરનાર તપસ્વીઓનો વરઘોડો આજે સૅક્ટર-૨૨ ખાતે નીકળ્યો હતો, જેમાં ભાવિકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. જૈન મુનિઓએ પણ આ વરઘોડામાં ભાગ લીધો હતો. અનેક ભાવિકો ઉત્સાહપૂર્વક આ વરઘોડામાં સંગીતના તાલે ઝૂમ્યા હતા. **(તસવીર : દિપક જાની)**

ન્યૂઝ ચેનલ ટીવી-નાઈનની મતદાર જાગૃતિ યાત્રા ગાંધીનગરમાં

ગાંધીનગર, તા. ૨૩

જાણીતી ગુજરાતી ચેનલ ટી.વી. નાઈન દ્વારા મતદાન જાગૃતિ અભિયાન યાત્રા આજે ૧૭ જિલ્લાનો પ્રવાસ પુરો કરી ગાંધીનગર આવી પહોંચી હતી.

આ યાત્રા આજે ગાંધીનગર અને માણસા વિધાનસભા મત વિસ્તારમાં ફરી હતી તે આવતીકાલે આગળ જશે. પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીથી આરંભાયેલ આ જનજાગૃતિ રેલીમાં વીસ જેટલા કલાકારોની ટીમ પણ જોડાયેલી છે.

ગાંધીનગર શહેરમાં પથિકાશ્રમ નજીક કલાકારોએ તેમની કલા સંગીત સાથે રજુ કરી હતી અને ત્યારબાદ મતદાન કોઈ પણ જાતના પ્રલોભન કે દબાણમાં આવ્યા વિના કરીશ તેવી પ્રતિજ્ઞા મતદારો પાસે લેવડાવવામાં આવી હતી. ગાંધીનગર ખાતે ૫૦૦ જેટલા મતદારોએ આ પ્રતિજ્ઞા લીધી હતી.

ટીમના સભ્યો શ્રી મનોજ અગ્રાવત, શ્રી જિજ્ઞેશ અને કલાકારોએ જણાવ્યું હતું કે આ યાત્રાને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. તેમણે જણાવ્યું હતું કે ૩ હજાર કિ.મી.નો પ્રવાસ પૂર્ણ થઈ ગયો છે.

આજે ગાંધીનગર ખાતે આ યાત્રા સાથે ગાંધીનગર બ્રાન્ચના શ્રી કલ્પેશ રાવલ સહિત શ્રી વિપુલ અને અન્ય કર્મચારીઓ પણ જોડાયા હતા. માણસા ખાતે પણ શેરી નાટકે ભારે આકર્ષણ જણાવ્યું હતું.

ભાજપ દ્વારા જિલ્લા મથકોએ પંડિત દીનદયાલ જન્મજયંતિ ઉજવાશે

અમદાવાદ,તા.૨૩

પ્રખર દેશભક્ત પંડિત દીનદયાલ ઉપાધ્યાયનાં ૨૫ સપ્ટેમ્બરનાં જન્મદિવસે ભારતીય જનતા પાર્ટી સમગ્ર રાજ્યમાં વૈવિધ્યસભર કાર્યક્રમો યોજશે. નગરપાલિકા, મહાનગરપાલિકા તેમજ તાલુકા અને જિલ્લા મથકોએ આવેલી પંડિત દિનદયાલ ઉપાધ્યાયની પ્રતિમાની પુષ્પાંજલી, સેવાવસ્તી તેમજ હોસ્પિટલોમાં પોષ્ટિક આહાર વિતરણ જેવાં કાર્યક્રમો હાથ ધરાશે.

૨૫ સપ્ટેમ્બરનાં કાર્યક્રમોની વિગતો આપતાં મનસુખભાઈ માંડવીયાએ જણાવ્યું છે કે, નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં કાર્યરત સરકાર પંડિત દિનદયાલજીના વિચારોને કાર્યાન્વિત કરી રહી છે. અંત્યોદયના હિમાયતી પંડિત દિનદયાલજીના સ્વપ્નોને ગરીબ કલ્યાણ મેળા થકી, સૌનો સાથ સૌનો વિકાસ સંકલ્પ થકી અને ગ્રામવિકાસ થકી રાષ્ટ્ર વિકાસની કાર્યયોજના દ્વારા ભાજપાની સરકાર મૂર્તિમંત કરી રહી છે.

બનાવટી ચલણી નોટોને ઓળખો

રીઝર્વ બેંકે રૂ. ૧૦૦, રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦૦ની સાચી નોટોની ઓળખ કઈ કઈ છે તેની વિગતો જાહેર કરી છે : આમ જનતા આ ઓળખ દ્વારા સાચી અને બનાવટી નોટો વચ્ચેનો ભેદ પારખી શકે છે

ગાંધીનગર, તા. ૨૩

છેલ્લા કેટલાક સમયથી ગુજરાતમાં બનાવટી ચલણી નોટો ઘુસાડવાનું કૌભાંડ ચાલી રહ્યું છે. તાજેતરમાં જ પોલીસે જાલી નોટોના નેટવર્ક સાથે જોડાયેલા કેટલાક શખ્સોની ધરપકડ કરી છે. બજારોમાં ફરતી થયેલી બનાવટી નોટોને ઓળખી શકાય તે માટે રીઝર્વ બેંકની માર્ગદર્શિકા કામમાં આવી શકે છે. સાચી નોટોની ઓળખ કઈ કઈ છે તેની માહિતી આ માર્ગગદર્શિકા દ્વારા મળી શકે છે.

કેટલાક સ્થાપિત હિતો દ્વારા રૂ. ૧૦૦, રૂ. ૫૦૦ તેમજ રૂ. ૧૦૦૦ની નકલી ચલણી નોટો બજારમાં ઘુસાડી દેશની આર્થિક સ્થિતિ ડામાડોળ કરવાનો અને દેશના અર્થતંત્રને ખોરવવાના વ્યવસ્થિત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ગુજરાતમાં લાખોની બનાવટી ચલણી નોટો ફરતી થઈ છે તેવા ભય વચ્ચે અસલી અને નકલી નોટો વચ્ચેનો ભેદ પારખવો જરૂરી બન્યો છે. ભારતીય ચલણી નોટોને ઓળખી શકાય તે માટે તેના પર કેટલીક ખાસ નીશાનીઓ કે ઓળખને અંકિત કરવામાં આવી છે. આ ઓળખથી અસલી ચલણી નોટો અને બનાવટી ચલણી નોટો વચ્ચેનો ભેદ આમ આદમી પણ આસાનીથી પારખી શકે છે. વિવિધ બેંકો દ્વારા પણ આ સંદર્ભે જનજાગૃતિના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. ગાંધીનગર સમાચારના વાચકો માટે રૂ. ૧૦૦, રૂ. ૫૦૦, અને રૂ. ૧૦૦૦ની ચલણી નોટોને કઈ રીતે પારખી શકાય તેની જાણકારી અહી ઉપલબ્ધ કરાવાઈ છે.

રાજ્યમાં એપ્રેન્ટિસ એક્ટનો અમલ જ કરાતો નથી : કોંગ્રેસ

અમદાવાદ,તા.૨૩

વિશ્વવંદનીય અને યુવાનોનાં પથદર્શક વિભૂતિ સંતશ્રી વિવેકાનંદ યાત્રામાં ભુજ ખાતે મુખ્યમંત્રી દ્વારા ચૂંટણી નજીક આવતાં યુવાનોને આકર્ષવા માટે કરેલી જાહેરાત અંગે પ્રતિક્રિયા આપતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં મહામંત્રી નિશિત વ્યાસે જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં રાજ્યમાં ૧૦ લાખ શિક્ષિત બેરોજગાર છે. છ લાખ કરતાં વધુ કર્મચારીઓનાં અનેક પ્રશ્નો રાજ્ય સરકાર અટકાવી રહી છે. સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડમાં નવનિયુક્ત અધ્યાપકોનાં ત્રણ મહિનાથી વધુ સમય થયો હોવા છતાં પગાર થતો નથી. સરકારી કોલેજમાં અધ્યાપકો-કર્મચારીઓનાં ગ્રાન્ટનાં અભાવે પગારમાં વિલંબ થઈ રહ્યો છે. ગુજરાતમાં વિવિધ ૧૬ વિભાગોમાં ૯૦,૦૦૦ કરતાં વધુ કર્મચારીઓની લાંબા સમયથી જગ્યાઓ ખાલી છે.

તેમણે જણાવ્યુંહતું કે, ભાજપ સરકારનાં ૧૧ વર્ષના શાસનમાં રાજ્યાં ૬૫૦૦૦ કરતાં વધુ નાના-મધ્યમ કદના ઉદ્યોગો બંધ થયા છે.

રાજ્યમાં એપ્રેન્ટીસ એક્ટનો અમલ અસરકારક ભાજપ સરકાર કરતી નથી ત્યારે એપ્રેન્ટીસશીપના સ્ટાઈપેન્ડનો વદારો એ ભ્રામક જાહેરાત છે. ભાજપ સરકારે ૧૭ વર્ષના શાસનમાં એપ્રેન્ટીસશીપ એક્ટનાં ભંગ બદલ એકપણ યુનિટ સામે પગલાં ભરવામાં આવ્યા નથી પણ ચૂંટણી નજીક આવતાં એપ્રેન્ટીસશીપના સ્ટાઈપેન્ડો કે હોમગાર્ડઝ જવાનોનાં વેતન હોય તેઓને ૧૧ વર્ષે તેમનાં લાભ અંગે જાહેરાત કરામાં આવી રહી છે. વ્યવસાય કરવા માંગતા નવયુવાનોને બેંક ગેરંટી આપવાની જાહેરાત પણ મુખ્યમંત્રી કરે છે પણ છેલ્લાં ૧૧ વર્ષમા તેઓને માત્રને માત્ર માલેતુજાર ઉદ્યોગપતિઓ જેમકે ટાટા, અદાણી, એસ્સાર વગેરે યાદ આવ્યાં છે.

સ્વતંત્ર બંગલો ભાડે આપવાનો છે

કંપની / બેંક અધિકારીને લાયક, 4BHK GSPC ગેસ કનેક્શન, ૨૪ કલાક પાણી, રાયસણ પેટ્રોલ પંપની પાછળ, BAPS સ્વામિનારાયણ વિદ્યામંદિર સામે, કોબા-ગાંધીનગર હાઈવે

સંપર્ક : ૯૫૭૪૩ ૨૬૯૨૬ ૯૪૨૬૩ ૨૬૮૧૮

GPSC, બેંક, વનરક્ષા સહાયક, વનપાલ સહાયક, પોસ્ટની

સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપવા માટે

ગણિત-અંગ્રેજી

આવડવાની 100% ગેરંટી સાથે શીખો

પોસ્ટ, વનવિભાગ તથા હાઈકોર્ટ ની પરીક્ષાના વર્ગો શરૂ થઈ ગયેલ છે

વહેલી તકે પરીક્ષાની તૈયારી શરૂ કરવી તે સફળતાની પ્રથમ નિશાની છે

વિવેકાનંદ એકેડમી

677, બીજે માળ, ..., મુખ્ય શોપીંગ સેન્ટર સેક્ટર-22. 99256 98721

ખાસ નોંધ : અંગ્રેજી તથા ગણિત પાયાથી જ શીખવવામાં આવશે.

યુ.એસ.ના આકાશમાં ગાંધીનગરની મસ્તી પટેલની દીલધડક ઉડાન

અમેરીકામાં કોમર્શીયલ પાયલોટની તાલીમ લેનાર ગાંધીનગરની મસ્તી પટેલે અનેક વિષમતાઓ વચ્ચે ૪૫૦ કલાક જેટલો ફ્લાઈંગનો અનુભવ

ગાંધીનગર, તા. ૨૧

આકાશમાં વિમાન ઉડાવવાનું સપનું માત્ર સાહસીઓ જ પૂર્ણ કરી શકે છે. ધરતીથી માઈલો દૂર આકાશમાં વિમાન ઉડાડવુ ભારે હિંમતભર્યું અને ખુબ ધૈર્ય માંગી લેતું કામ છે. આ ક્ષેત્રમાં યુવતીઓની સંખ્યા ખુબ ઓછી છે. તેમાંય ગુજરાતી યુવતીઓ ફલાઈંગ ક્ષેત્રમાં પાયલોટ હોય તેવી સંખ્યા તો માત્ર આંગળીના વેઢે ગણી શકાય તેવી છે. ગાંધીનગરના ઉદ્યોગપતિ દિપકભાઈ પટેલની દીકરી મસ્તી પટેલે અમેરીકામાં ઉડ્ડયનની વિધિસર તાલીમ મેળવી પાયલોટ હોય તેવી ગણીગાંઠી યુવતીઓમાં સ્થાન મેળવ્યું છે. તાલીમ અને તે પછીની તેની પાયલોટ તરીકેની કારકિર્દીમાં તેણે અનેક પડકારોનો સામનો કરી ૪૫૦ કલાકથી વધુનો ઉડ્ડયનનો અનુભવ પ્રાપ્ત કર્યો છે.

મસ્તી કહે છે કે તેને નાનપણથી જ આકાશમાં ઉડવાનું સપનું સેવ્યું હતું. તેની ઉંમરની યુવતીઓ તબીબી, ઈજનેરી, શિક્ષણ જેવા ક્ષેત્રોમાં ઉજ્જવળ અને સલામત કારકિર્દી બનાવી રહી હતી ત્યારે મસ્તીએ કોમર્શીયલ પાયલોટ બનવાનો નિર્ણય માતા-પિતા સમક્ષ જાહેર કર્યો ત્યારે તેમને સૌ પ્રથમ તો આંચકો લાગ્યો. પરંતુ તે પછી તેમણે દીકરીની ઈચ્છાને માન આપી તેને આ સાહસી કારકિર્દીમાં આગળ વધવાનું પ્રોત્સાહન આપ્યું. મસ્તી કહે છે કે તેણે અમેરીકામાં કોમર્શીયલ પાયલોટની તાલીમ માટે પ્રવેશ મેળવ્યો ત્યારે ખુબ રોમાંચ થયો હતો. ફોર વ્હીલરનું લાઈસન્સ મેળવવું હોય તો ગાડીમાં એકાદ ચક્કર મારી લો તો લાઈસન્સ મળી જાય પરંતુ કોમર્શીયલ પાયલોટનું લાયસન્સ મેળવવું એટલું સહેલુ નથી હોતુ. અનેક મહિનાઓ સુધી ગ્રાઉન્ડની માથાકુટ ભરી તાલીમ મેળવ્યા બાદ આકાશમાં ઉડવા મળે છે. તેમાંય જાત-ભાતના ટેસ્ટ લઈ માંડ લાયસન્સ મળે છે. ૧૫ મહિના સુધી કેલીફોર્નિયામાં તાલીમ મેળવી મસ્તી પાયલોટ બની છે. પોતાનો એક રોમાંચક અનુભવ વર્ણવતા મસ્તી કહે છે કે તાલીમના આખરી તબક્કામાં તાલીમાર્થીઓ અમુક અંતર સુધીનું ફ્લાઈંગ એકલાએ કરવું પડે છે. ફ્લાઈંગની પ્રાથમિક તાલીમ દરમ્યાન તો ઈન્સ્ટ્રક્ટર સાથે હોય છે પરંતુ અંતીમ તબક્કામાં તો ટ્રેઈનીએ જાતે જ ફ્લાઈંગ કરવું પડે છે. પ્રથમવાર એકલા જ ફ્લાઈટ લઈને ઉડેલી મસ્તીનો આ અનુભવ કોઈ રોમાંચક થ્રિલર કહાનીથી ઓછો નથી.

પ્રથમ ઈન્ડીવીડ્યુઅલ ફ્લાઈંગનો અનુભવ વર્ણવતા કહે છે કે મારે અઢીસો કીલોમીટર દૂરના એક એરપોર્ટ સુધી ફ્લાઈટ લઈ જવાની હતી અને ત્યાંથી પાછા આવવાનું હતુ. ફ્લાઈટ પર બેસતા પહેલા બધુ જ બરાબર છે તેવું એન્જીનિયરે ચેક કરી લીધુ હતુ. પહેલી વખત આટલી દૂર જવાનું હોવાથી ડર તો હતો જ સાથે રોમાંચ પણ હતો. મારે ૭,૫૦૦ ફૂટ ઉંચી પર્વતમાળા ક્રોસ કરી રણ અને સરોવર પાર કરી ૨૫૦ કિલોમીટર દૂર જવાનું હતું. ફ્લાઈંગ શરૂ

● અનુસંધાન પાન-૭ પર

જાદુગર કે.લાલને શ્રદ્ધાંજલિ

મુખ્યમંત્રી સહિત રાજકીય આગેવાનોએ સદ્ગત કેલાલને ભાવભીની અંજલી આપી

ગાંધીનગર, તા. ૨૩

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વખ્યાત જાદુગર અને ગુજરાતના પનોતા પુત્ર સ્વ. કે. લાલના દુ:ખદ અવસાન અંગે ઊંડા શોક અને ઘેરા આઘાતની લાગણી વ્યક્ત કરી છે.

મુખ્યમંત્રીશ્રીએ સ્વર્ગસ્થના શોક સંતપ્ત પરિવારજનોને સાંત્વના પાઠવતાં શોક સંદેશામાં સ્વ. કે. લાલને શ્રદ્ધાંજલિ અર્પતા જણાવ્યું કે, જાદુની કલાને વિજ્ઞાનને તથ્યો સાથે જોડીને તેમણે દાયકાઓ સુધી વિશ્વભરમાં જાદુકલાના અનેક પ્રયોગો દ્વારા ગુજરાત અને ભારતનું નામ ઉજ્જવળ રાખ્યું હતું.

વિશ્વ વિખ્યાત જાદુગર શ્રી કે.લાલ.નું અવસાન થતાં વિરોધ પક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે નિર્ધારિત પ્રવાસ કાર્યક્રમમાં ફેરફાર કરીને સ્વ. કે.લાલ.ના નિવાસસ્થાને જઈને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. સૌરાષ્ટ્રના એક નાના નગરમાં જન્મ લઈને સ્વ. કે.લાલે પોતાની કલાના માધ્યમથી સમગ્ર વિશ્વમાં ગુજરાત અને દેશનું ગૌરવ વધાર્યું હતું.

ગુજરાતના પનોતા પુત્ર અને કલાક્ષેત્રે દેશ વિદેશમાં રાજ્યનું ગૌરવ વધારનાર જાદુગર કે.લાલના અવસાન અંગે ઉંડા દુ:ખની લાગણી વ્યક્ત કરતા ગુજરાત પરિવર્તન પાર્ટીના સ્થાપક અધ્યક્ષશ્રી કેશુભાઈ પટેલે જણાવ્યું છે કે જાદુની આવડતથી પોતાની આગવી શુઝ દ્વારા પ્રતિષ્ઠા મેળવી અને આ કલાનું ગૌરવ વધાર્યું હતું. એમના કુટુંબીજનોને પાઠવેલા સંદેશામાં શ્રી કેશુભાઈ પટેલે સદ્ગતના આત્માની શાંતિ માટે પ્રાર્થના સાથે દિલશોજી પાઠવી છે.

તાજેતરમાં ગાંધીનગર પધારી પોતાની કલાના ઓજસ પાથરનાર જાદુગર કે.લાલને ગાંધીનગર કલ્ચરલ ફોરમ વતી કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાન્ત જહાએ શ્રદ્ધાંજલિ પાઠવી છે. તેમના પરિવારજનોને આ મુશ્કેલ સમયમાં પ્રભુ હિંમત અને ધિરજ બક્ષે તેવી પ્રાર્થના સાથે તેમણે કે.લાલની આત્માની શાંતિ માટે પ્રાર્થના પણ કરી છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

BIRLA TYRES CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

SANGHI CEMENT · KISAN · TMT BARS - ISI · SANGHI STEEL - ISI · BENELAVE · FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ashirvad C. PVC, UPVC

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com